અપીલ અરજી નં.૨૪૫,૨૪૬,૨૪૭,૨૪૮,૨૪૯ તા .૭–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલ ની તા.૧૩–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) થી દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ના રોજ કુલ ૧૪૮ ઝુંપડાઓનું વગર નોટીસે ગેરકાયદેસર ડીમોલેશન કરેલ છે ? ડીમોલેશન થયેલા કુંટુંબોના નામ છે– ચીંધા આપ્યા આખાડે,કૈલાસ કિસન આખાડે,ઉત્તમ કિસન આખાડે તેમજ કિસન ચીંધા આખાડે, આ કુંટુંબોને કોસાડ ખાતે કઈ બિલ્ડીંગમાં કયા બ્લોકમાં કયા કયા નંબરના મકાન ફાળવવામાં આવેલા છે એની માહિતી અને મકાન ફાળવતા પહેલા આ પ્રત્યેક કુંટુંબ પાસેથી કયા પુરાવા લીધેલાં છે એની ઝેરોક્ષ નકલ અને ઉપર મુજબની માહિતી સાથે વિગત વિ.મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૪૫,૨૪૬,૨૪૭,૨૪૮,૨૪૯ /૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલ ની તા.૧૩–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) થી દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ના રોજ કુલ ૧૪૮ ઝુંપડાઓનું વગર નોટીસે ગેરકાયદેસર ડીમોલેશન કરેલ છે ? ડીમોલેશન થયેલા કુંટુંબોના નામ છે– ચીંધા આપ્યા આખાડે,કૈલાસ કિસન આખાડે,ઉત્તમ કિસન આખાડે તેમજ કિસન ચીંધા આખાડે, આ કુંટુંબોને કોસાડ ખાતે કઈ બિલ્ડીંગમાં કયા બ્લોકમાં કયા કયા નંબરના મકાન ફાળવવામાં આવેલા છે એની માહિતી અને મકાન ફાળવતા પહેલા આ પ્રત્યેક કુંટુંબ પાસેથી કયા પુરાવા લીધેલાં છે એની ઝેરોક્ષ નકલ અને ઉપર મુજબની માહિતી સાથે વિગત વિ.મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૩૦૫, ૩૦૬, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧ તા.૧૬–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. ઉપરોકત પાંચ અપીલના અરજદાર અને જાહેર માહિતી અધિકારી સરખા હોઈ તેમજ અરજીનું વિષય વસ્તુ સંબધિત માહિતી સરખી હોઈ તેમજ તેમનો પ્રત્યુત્તર પણ સંયુકત થયેલ હોઈ પાંચેય અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** સાથે વધુમાં અરજદારે માંગેલ માહિતી અનુસાર તા.૧૧–૦૪–૧૧ ના રોજ ડીમોલેશન તથા નિર્દિષ્ટ ચાર કુંટુંબોના ઝુંપડા ડીમોલેશન કે સ્થળાંતર અંગે હકીકતલક્ષી માહિતી પણ આધાર સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૦,૭૭૧,૭૭૨,૭૭૬, તા.૧૪–૯–૧૧ તથા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૭ તા.૧૫–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અનુક્રમે અપીલ નં.૨૪૫ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર કલમ–૭(૯) સાથે આમુખની જોગવાઈને અનુલક્ષી તપાસણી કરેલ છે કે કેમ ? તપાસણી કર્યા પછી શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા, અપીલ નં.૨૪૬ અંગે તા. ૧૩–૦૭–૧૧ની અરજીમાં મુદ્દા નં. ૧ માં નિર્દિષ્ટ ઘટના બન્યા હોવાના આધાર તેઓ કક્ષાએ હોય તો રજુ કરવા, અપીલ નં.૨૪૭ અંગે મુળ અરજીમાં જણાવેલ વિગતે યોગ્ય પ્રક્રિયા વિના તેવી કાર્યવાહી કર્યાના તેમની કક્ષાએ કોઈ આધાર હોય તો રજુ કરવા, અપીલ નં.૨૪૮ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ તેમની અપીલમાના તથા અરજીમાનાં દાવા અનુસાર યોગ્ય કાયદાકીય પ્રક્રિયા વિના તેમ કરવામાં આવેલ હોવાના આધાર હોય તો રજુ કરવા તથા ખોટા પ્રત્યુત્તરના દાવા અંગે આધાર હોય તો રજુ કરવા,અપીલ નં.૨૪૯ અંગે ભવિષ્યની કાર્યવાહીને લગતી માહિતી માંગેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(છ) મુજબ "માહિતી " એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઈ–મેઈલ, અભિપ્રાયો, સૂચના, અખબારી–યાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઈ ઈલેકટ્રોનિક સ્વરૂપમાં માહિતી–સામગ્રી અને તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કોઈ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઈ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઈપણ સ્વરૂપમાં કોઈપણ સામગ્રીની સામે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર સામે નારાજગી અંગે આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ નં.૨૪૫ પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૧૦ તા.૨૦–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની આઈ ડી નં.૩૧૦ તા.૧૩–૭–૧૦ ની અરજીની નકલ, અરજદારની તા.૧–૮–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૫૦,૩૫૨,૩૫૩ તા.૧૯–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૧–૫–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૫,૧૪૬ તા.૮–૬–૧૧ના પત્રની નકલ ,અરજદારની તા.૧૧–૪–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૨૧,૨૨ તા.૧૦–૫–૧૧ના પત્રની નકલ, અરજદારની તા.૬–૪–૧૧ ની અરજી બાબતે પત્ર નં.એસયુસી/આ.નં.૧૬૯ તા.૬–૫–૧૧ના પત્રની નકલ

અત્રે મળેલ છે. અપીલ નં.૨૪૬ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦૯ તા.૨૦–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારની તા.૨૧–૫–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૫,૧૪૬ તા.૮–૬–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. અપીલ નં.૨૪૭ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦૮ તા.૨૦–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૧૯–૪–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૯,૪૧ તા.૧૨–૫–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારનો તા.૧૩–૪–૧૧ નો પત્રની નકલ, અરજદારની તા.૧–૮–૧૧ ની અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૫૦,૩૫૨ અને ૩૫૩ તા.૧૯–૮–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. અપીલ નં.૨૪૮ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦૫ તા.૨૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. અપીલ નં.૨૪૯ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી ઉપરોકત પાંચ અપીલો અંગે અત્રેથી અપીલમાં દર્શાવેલ કારણ સંદર્ભે પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

(૧) અરજદારની આઈ ડી નં.૩૧૦ તા.૧૩–૭–૧૧ ની અરજીથી દલિત વસાહત ઝુંપડપટ્ટી બાબતે મકાન ફાળવણી અને ડીમોલશીન અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૧૦ તા.૧૬–૮–૧૧ થી સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. (૧) થી દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ના રોજ કુલ ૧૪ ૮ ઝુંપડાઓનું વગર નોટીસે ગેરકાયદેસર ડીમોલેશન કરેલ છે ? ડીમોલેશન થયેલા કુંટુંબોના નામ છે– ચીંધા આપ્યા આખાડે,કૈલાસ કિસન આખાડે,ઉત્તમ કિસન આખાડે તેમજ કિસન ચીંધા આખાડે, આ કુંટુંબોને કોસાડ ખાતે કઈ બિલ્ડીંગમાં કયા બ્લોકમાં કયા કયા નંબરના મકાન ફાળવવામાં આવેલા છે એની માહિતી અને મકાન ફાળવતા પહેલા આ પ્રત્યેક કુંટુંબ પાસેથી કયા પુરાવા લીધેલાં છે એની ઝેરોક્ષ નકલ અને ઉપર મુજબની માહિતી સાથે વિગત. મુદ્દા નં.(૨) અરજદારે માહિતી અધિકાર મારફત અરજી કરીને માહિતીની માંગણી કરેલ છે. એ વરાછાઝોનના માહિતી અધિકારીએ આપવાની જવાબદારી છે? અરજદારે તેમની કચેરીએ ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ દફતરી ચકાસણી કરવાની માહિતી માંગણી કરેલ નથી.? તા.૨૦–૬–૧૧ ના રોજ આપેલ ખોટો છે અને ગયેલા લોકોને કયા કારણે મકાન ફાળવેલ નથી? જેએનએનયુઆરએમ નિતિ અંતર્ગત કઈ પૂર્તતા થતી નથી એનો ઉલ્લેખ કરેલ નથી? આપશ્રીએ ખોટો અને અર્થહીન હોવાથી અમોને કબુલ મંજુર કરેલ નથી.? ખોટા જવાબો આપી અરજદારને સમય બરબાદ કરો છો એ માહિતી અધિકારના કાયદાના હિતમાં નથી અરજદારે માંગેલ સાચી માહિતી અમોને યોગ્ય રીતે સમય મર્યાદામાં આપો. તેવી માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી મેળવવા રજાના દિવસો સિવાયના દિવસોએ વરાછાઝોનની કચેરીના કામકાજના સમયમાં આવીને દફતરી ચકાસણી કરી જવા મુદ્દા ન.૧ બાબતે જણાવેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતી આપેલ નથી અને ઓફિસે આવીને દફતરી તપાસણી કરવી તેવો જવાબ આપેલ છે. તેવું જણાવી નારાજ થઈ તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જયારે મુદ્દા નં.૨ બાબતે તા.૨૦–૬–૧૧ ના જવાબ સામેની માહિતી હોઈ આરટીઆઈના કાયદાની કલમ–૧૯(૧) અન્વયે સત્તાધિકારીને અપીલ અરજી કરવાની રહે છે.તેની જગ્યાએ અરજદારે તા.૨૦–૬–૧૧ અંગે આપેલ જવાબ ખોટો હોવાનું જણાવી પુનઃ માહિતી માંગેલ છે અને પુનઃ માંગેલ માહિતી સામે અરજદારે તા.૭–૯–૧૧ થી અપીલ કરેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી આપેલ નથી અને ઓફિસ દફતરની તપાસણી કરવા જણાવેલ છે તેવી રજૂઆત કરી તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ બાબતે અરજદારે પ્રત્યુક કુટુંબના પુરાવા અને ઝેરોક્ષ નકલ અને અપીલમાં જણાવેલ વ્યકિતઓની માહિતી વિશાળ પ્રમાણમાં હોઈ જાહેર માહિતી અધિકારી તરફથી કરેલ તપાસણીનો પ્રસ્તાવ આરટીઆઈ એકટની કલમ–૭(૯) ની તથા આરટીઆઈ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ મર્યાદિત નાણાકીય સંશાધનોના મહત્તમ ઉપયોગના ઉદ્દેશની જોગવાઈઓ સાથે સુસંગત છે. વધુમાં અરજદારે અપીલમાં માંગેલ માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે તે અંગે જાહેર માહિતી અધિકારીએ તપાસણી કરી તેવી માહિતી મેળવવા જણાવેલ છે. વધુમાં અરજદારે તા.૨૦–૬–૧૧ ની આપેલા જવાબ ખોટો હોવાના દાવો કરેલ છે અને તેના આધાર પુરાવા રજૂ કરેલ ન હોય તેમજ તે અંગે ખરાઈ કરી શકે તેવા આશયથી જાહેર માહિતી અધિકારીએ અરજદારને તપાસણી કરી જવા જણાવેલ જે કાયદા સાથે સુસંગત છે. આથી અરજદાર માહિતી મેળવવા ઈચ્છુક હોય જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તથા મુદ્દા નં.૨ બાબતે અરજદારની માંગણી તા.૨૦–૬–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીએ કરેલ જવાબ સંદર્ભે છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે.આથી જાહેર માહિતી અધિકારીએ સદર અરજી બાબતે આવી જોગવાઈ આરટીઆઈ કાયદા મુજબ જણાવેલ છે. જે કાયદા સાથે સુસંગત છે. જે અંગે અપીલ તબકકે અરજદારે તપાસણી કરેલ છે કે કેમ? અને કરેલ હોય ત તે અંગે નારાજગી જણાવવા પત્ર પાઠવેલ. પરંતુ અરજદારે તપાસણી કરી કે નહીં તે અંગે અપીલ તબકકે બંને પક્ષકારો તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. જયારે નારાજગી અંગે પણ અરજદારને તક આપવા છતાં મુદ્દા નં.૨ અંગે આધારસહ કોઈ વિગતો તેમણે રજૂ કરેલ નથી. આમ અરજદારે માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(૨) અરજદારની આઈ ડી નં.૩૦૯ તા.૧૩–૭–૧૧ ની અરજીથી દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ કરેલ ડીમોલીશન બૌધ્ધ કાર્યાલય પાસેના આંબેડકરનું બોર્ડ ઉખેડીને ફેંકી દેવા બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ના રોજ જે ગેરકાયદેસર ડીમોલેશન કરવામાં આવેલું એ જ દલિત વસાહતમાં ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે ડો.બાબાસાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ લાગેલું હતું. તે બોર્ડ ડીમોલીશનને નડતરરૂપ નહીં હોવા છતાં ડીમોલેશનની કામગીરીમાં હાજર સુ.મ.ન.પા.ની મહિલા કર્મચારી કામિની જૈન ઉંચા જાતિની છે જૈન સમાજની છે તેથી દલિતોની વસ્તીમાં લાગેલ ડો.બાબાસાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ ઉખાડીને ફેંકી દેવા ડીમોલેશન કરનારા કર્મચારીને ફરજ પાડેલ અને બોર્ડ તોડીને ૫૦ ફુટ દુર ફેંકી દેવામાં આવેલું. ભારતનાં બંધારણના ઘડવૈયાનું બોર્ડ એવી રીતે અપમાનજનક સ્થિતિમાં તોડીને ફેંકી દેવામાં આવે , એ કયા કાયદામાં જોગવાઈ છે ? એની સંપૂર્ણ વિગતવાર માહિતી. અરજદારે એ બોર્ડ બાબતની રજૂઆત કરવા મ્યુ. કમિ.શ્રીની કચેરીએ એક પ્રતિનિધિ મંડળ લઈને મ્યુ. કમિ.શ્રીને રજૂઆત બોર્ડ બાબતમાં રજૂઆત કરી મ્યુ. કમિ.શ્રીએ એવી માહિતી આપી છે કે વરાછાઝોનમાં ડીમોલીશન દરમ્યાન એવો કોઈ બનાવ બનેલ નથી? એવો રીપોર્ટ વરાછાના ઝોનલ અધિકારી આર વી. ગામીતે આપેલ છે. ત્યારે અરજદાર ખબર પડી છે કે બોર્ડ ઉખાડીને ફેંકી દેવામાં અધિકારીએ સુધા સામી છે? એટલા માટે કામિની જૈનને આ ખોટું કૃત્યુ કરવામાંથી કેવી રીતે બચાવી શકાય એના પ્રયત્ન ચાલે છે બંધારણના ઘડવૈયાનું ચૈલ ચીત્ર સાથે એક ઉંચા જાતિની મહાનગર પાલિકાના કર્મચારી કામિની જૈન સામે આજ સુધી કયા કારણથી પગલા લેવામાં નથી આવ્યા એની અમોને સમય મર્યાદામાં માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદારે બાબા સાહેબ આંબડેકરનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ તોડી પાડવા અંગેનું કારણ જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે અરજદારને અત્રેથી અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ નિર્દિષ્ટ ઘટના બાબતે આધાર રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારીએ અગાઉ અરજદારે કરેલ તા.૨૧–૫–૧૧ ની અરજી બાબતે ઈ.ઝેડ/આરટીઆઈ/૧૪૫,૧૪૬ તા.૮–૬–૧૧ થી આપેલ માહિતીમાં આઈ ડી નં.૧૪૫ થી આપેલ માહિતીમાં આ મુદ્દાનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી તેવું જણાવેલ છે. તેમજ ત્યાર બાદ અરજદારે તા.૧–૮–૧૧ ની કરેલી અરજીમાં પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૩૫૦,૩૫૨,૩૫૩ તા.૧૯–૮–૧૧ થી આરટીઆઈના નં ૩૫૦ ના મુદ્દા નં.૨ અંગે રાષ્ટ્રીય નેતાનું બોર્ડ વરાછાઝોન ખાતેથી ઉખાડવામાં આવેલ ન હોવાથી મજકુર કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું પણ જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર અરજી બાબતે ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦૯ તા.૧૬–૮–૧૧ થી માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨(છ) મુજબ આ મુદ્દાનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. તેવું પણ જણાવેલ છે. આમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્રશ્ન બાબતે હકીકતલક્ષી માહિતી અરજદારની સરખા વિષય વસ્તુ બાબતે તા.૧–૮–૧૧ ની અરજીમાં જણાવેલ છે. વધુમાં અરજદારની અપીલમાં અરજદારની રજૂઆત પગલા લેવા બાબતે રહેલ તકરાર નિવારણને લગતી હોઈ તે અંગેસક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

(૩)અરજદારની આઈ ડી નં.૩૦૮ તા.૧૩–૭–૧૧ ની અરજીથી તા.૧૧–૪–૧૧ ના રોજ થયેલ ડીમોલીશન ગેરકાયદેસર થયેલ છે તેવું જણાવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૫૫ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટ્ટીનાં બોર્ડ પાસેનાં ઝુંપડાઓ ખસાડવામાં આવશે ત્યારે આ ભારતીય બૌધ્ધ મહાસભાનાં લાગેલા બોર્ડને પણ તોડીને ફેંકી દેવાના છો ?એની માહિતીની માંગણી કરેલી –પ્રશ્ન એવો છે કે દલિત વસાહત ઝુંપડપટ્ટીનું ડીમોલેશન તા. ૧૧–૪–૧૧ના રોજ થયું અને અરજદારે માંગેલ માહિતીનો જવાબ ડીમોલેશનમાં ભારતીય બોધ્ધ મહાસભાનું ડો.બાબાસાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ તોડીને ફેંકી દીધા પછી આ પૂર્વ ઝોનવરાછાના દિમાંગબાજ માહિતી અધિકારી તા. ૨૦–૬–૧૧ના રોજ અરજદારને જવાબમાં જણાવેલ છે કે સદર વસાહતનાં ઝુંપડાઓ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવશે ત્યારે બોર્ડની સ્થળ–સ્થિતિ ચકાસી તેને અનુરૂપ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવું તા. ૨૦–૬–૧૧ના રોજ આપી જવાબમાં જણાવ્યું છે. તા. ૧૧–૪–૧૧ના રોજે દલિત વસાહત ઝુંપડપટ્ટીનાં ૧૪૭ ઝુંપડાઓનું ડીમોલેશન કરેલું ત્યારે જ ભારતીય બૌધ્ધ મહાસભાનું બોર્ડ ઉખાડીને ફેંકી દેવામાં આવેલું તે સમય દરમ્યાન ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી હોવાથી બોર્ડની પુનઃ વિધી કરવા રોડ પર લાવો આજે પણ ત્યાજ છે વરાછાઝોનનાં માહિતી અધિકારી એટલા ચાલાકીથી જવાબ આપે છે સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહી. આ કરેલા ખોટા કૃત્ય છુપાવવા માટે બહાના કરવામાં આવે છે એની માહિતી. દલિત વસાહત ઝુંપડપટ્ટીનું તા.૧૧–૪–૧૧ ના રોજ થયેલ ડીમોલીશન ગેરકાયદેસર થયેલ છે? ઝુંપડાવાસીઓને અંધારામાં રાખી કોઈને જાણ કરવા વગર નોટીસ આપવા વગર ગેરકાયદેસર ડીમોલીશન કર્યુ છે? હવે હવે જે ઝુંપડાઓનું ડીમોલીશન કરવાના છે? એની માહિતી અને કેટલા ઝુંપડાઓનું ડીમોલીશન કરવાના છો? એની માહિતી વૈધ શાળાની જગ્યા પરના ઝુંપડાઓનું પણ ડીમોલીશન કરવાના છો એની માહિતી અમોને સંપૂર્ણ વિગત સાથે સમય મર્યાદામાં અમોને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦૮ તા.૧૬–૮–૧૧ થી " સદર ઝુંપડપટ્ટીનું ડીમોલીશન ગેરકાયદેસર થયેલ નથી. સદર ઝુંપડપટ્ટીના રહેવાસીઓને તેઓના ઝુંપડાના બદલામાં વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવતો મજકુર ઈસમો ધ્વારા પોતાના ઝુંપડા સ્વૈચ્છિક ખાલી કરવામાં આવેલ. આ ખાલી થયેલ ઝુંપડા વરાછાઝોન કક્ષાએથી દુર કરવામાં આવે છે. જે માટે નોટીસ આપવાની કે જાણ કરવાની રહેતી નથી. બાકી બચેલા ઝુંપડાઓ પૈકી સ્થળાંતર કરવા પાત્ર ઝુંપડાઓના અસરગ્રસ્ત ઈસમોને વૈકલ્પિક આવાસની ફાળવણી થયેથી તેના સ્થળાંતરની કામગીરી કરવામાં આવશે. વેધશાળાની

જગ્યા પરના ઝુંપડાઓના સ્થળાંતર અંગે હાલ કતારગામઝોન કક્ષાએથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે દલિત વસાહત ઝુંપડાટ્ટી ગેરકાયદેસર તોડી પાડેલ છે તેવું જણાવી તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૭૭૨ તા.૧૪–૯–૧૧ થી યોગ્ય પ્રક્રિયા વિના એવી કાર્યવાહી કર્યાના કોઈ આધાર હોય તો રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર અરજી સાથે કે અપીલ તબકકે તેવા કોઈ આધાર રજૂ કરવામાં સફળ રહેલ નથી. જયારે અરજદારને ડીમોલીશન બાબતે સ્વૈચ્છિક હોવાનું અને જે અંગે વૈકલ્પિક આવાસો ફાળવવાનું પણ જણાવેલ છે. વધુમાં અરજદારની વૈદ્યશાળા ની જગ્યા ઉપર ઝુંપડપટ્ટીઓના ડીમોલીશનની માહિતી સંયુકત રીતે આરટીઆઈ સેલ/૩૦૮ તા.૧૬–૮–૧૧ થી ઉલ્લેખ કરવામાં આવેલ છે. આથી અરજદારને માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૪)અરજદારની આઈ ડી નં.૩૦૬ તા.૧૩–૭–૧૧ ની અરજીથી તા.૨૦–૬–૧૧ ના જવાબ સંદર્ભે બાયોમેટ્રીક સર્વે અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૫૫ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબનાં અનુસંધાનમાં જણાવવાનું કે દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે ડો.બાબાસાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથે બોર્ડ લાગેલ હોવા છતાં એનું બાયોમેટ્રીકસ સર્વે કેમ કર્યુ નથી ? પૂર્વ ઝોન વરાછાના માહિતી અધિકારીએ એવો જવાબ આપેલ છે બાયોમેટ્રીકસ સર્વે કયા કારણે કરવામાં આવ્યું નથી તે વિગત અત્રેના રેકર્ડ પર નથી. આ આપેલ જવાબ ખોટો છે જવાબ યોગ્ય લાગતો નથી ? માહિતી અધિકારીનો કાયદો માહિતી આપવા માટે બનાવવામાં આવ્યો છે અને માહિતી અધિકારી તરીકે જેમની નિમણૂંક કરવામાં આવેલ હોય તે અરજદારને વ્યવસ્થીત જવાબ આપવા માટે નિમણૂંક કરેલ છે. અરજદારે માંગેલ માહિતી આપવાની જવાબદારી માહિતી અધિકારીની છે. અરજદારે માંગેલ માહિતીનો જવાબ આપશ્રીએ આપેલ નથી ? કયારે આપવાના એની માહિતી સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનના આ હુકમ સામે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૧) અન્વયે અપીલ સત્તાધિકારીને અરજી કરી શકાય છે. ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે સ્થાપન કરેલ ભારતીય બૌધ્ધ મહાસભાના કાર્યાલય પાસે ડો. બાબાસાહેબનું ચૈલ ચિત્ર સાથે દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ભારતીય બૌધ્ધ મહાસભાનું બોર્ડ લાગેલ છે એ બાબતની જાણ ૪ (ચાર) મહીના અગાઉ પૂર્વઝોનમાં ઝોનચીફને માહિતગાર કરેલ હોવા છતાં ડો. બાબા સાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ ૫૦ ફુટ દુર કરી ફેંકી દેવામાં આવ્યું એનું કારણ શું? એની માહિતી આપો. બોર્ડ બાબતમાં ઝોનલચીફ કેતન પટેલને લેખિતમાં જાણ કરેલ છે કે દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં અમારું ભારતીય બૌધ્ધ મહાસભાનું બોર્ડ લાગેલ છે. અને ઉખાડીને ફેંકી દેવાના છો એવો પ્રશ્ન એમને લેખિતમાં પુછવામાં આવેલ પરંતુ ઝોનલચીફ કેતન પટેલે કોઈ પ્રતિ ઉત્તર આપેલ નહીં અને અમોને અંધારામાં રાખી ડો. બાબાસાહેબ આંબડકરનું ચૈલ ચિત્ર સાથે લાગેલ બોર્ડ કેતન પટેલના ધાર્યા પ્રમાણે ઉખાડીને ૫૦ ફુટ દુર કરી ફેંકી દેવામાં આવેલ છે. એની માહિતી સંપૂર્ણ સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમનો આ મુદ્દાનો સ્પષ્ટ પ્રત્યુત્તર વરાછાઝોનના તા.૨૦–૬–૧૧ ના પત્રના મુદ્દા નં.૨ થી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે માંગેલી માહિતના જવાબમાં અપીલમાં જાવ તેવો જવાબ આપેલ છે તેવું જણાવી તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે નારાજગી અંગે આધારો માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં મુદ્દા નં.૨ ની માહિતી આપવામાં આવેલ છે .તેવા પ્રશ્ન બાબતે અરજદારે પુનઃ તા.૧૩–૭–૧૧ ના રોજ આઈ ડી નં.૩૦૬ થી માહિતી માંગેલ. જે અંગે અરજદારે આરટીઆઈની જોગવાઈઓ અનુસાર અરજદારે માંગી હોય અને માહિતીથી નારાજગી હોય તો પુનઃ અરજી કરવાની જગ્યાએ આરટીઆઈની જોગવાઈઓ મુજબ કલમ–૧૯(૧) મુજબ અપીલ કરવાની રહે છે. જે અંગે ઉપરોકત અપીલ નં.૨૪૫ માં પણ તેની જોગવાઈ જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી કાયદા સાથે સુસંગત છે. અત્રે એ પણ સૂચક છે કે અપીલ તબકકે પુનરાવર્તિત તક આપવા છતાં બોર્ડનું વિવાદિત જગ્યાએ અસ્તિત્વ હોવાનું અરજદાર આધારસહ પ્રસ્થાપિત કરી શકેલ નથી.

(૫) અરજદારની આઈ ડી નં.૩૦૫ તા.૧૩–૭–૧૧ ની અરજીથી તા.૨૦–૬–૧૧ ના મળેલા જવાબ ખોટો હોવાનું જણાવતી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૮૦ તા. ૨૦–૬–૧૧ના રોજ આપેલ જવાબ યોગ્ય નથી ? અરજદારે માંગેલ માહિતી આપવા માટે માહિતી અધિકારીની ફરજ બને છે ? દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં કેટલા ઝુંપડા બાયોમેટ્રીક સર્વે વગરના છે ? એની માહિતી અરજદારે માંગેલી પૂર્વ ઝોનવરાછાનાં માહિતી અધિકારીએ તા. ૨૦–૬–૧૧ના રોજ જવાબ આપેલ છે કે સદર ઝુંપડપટ્ટી કેટલા બાયોમેટ્રીક વગરનાં છે તેનું રેકોર્ડ અત્રે ઉપલબ્ધ નથી. એ જવાબ વરાછાઝોનાં માહિતી અધિકારીએ આપેલ છે માહિતી અધિકારીને રેકોર્ડ કયારે ઉપલબ્ધ થવાનો છે. અરજદારે માંગેલ માહિતી કયા ,કયારે આપવાનાં એની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ મુદ્દાનો સામવેશ આરટીઆઈ એકટની કલમ–૨(છ) મુજબ માહિતીની વ્યાખ્યામાં થતો નથી તેવું જણાવેલ છે. (૨) સુમપાની સ્થા.સ.ઠ. નં.૧૮૩૮/૦૭ તા.૨૮–૧૨–૦૭ તથા ઠ.ન. ૮૧૪ /૦૯ તા.૨–૭–૦૯ થી મંજુર થયેલ નિતી કયા પ્રકારની છે? તેનો ઉલ્લેખ બાબત પ્રશ્ન પુછવામાં આવેલ સ્થા.સ. ઠ.નં.૧૮૩/૦૭ તા.૨૮–૧૨–૦૭ તથા ઠ.નં.૮૧૪/૦૯ તા.૨–૭–૦૯ ની નકલ આ સાથે સામેલ છે એવું જવાબમાં જણાવુ છે. પરંતુ જવાબ સાથે નકલ અરજદારને મળેલ નથી. તેથી આપશ્રીએ તા.૨૦–૬–૧૧ ના રોજ આપેલ મુળ જવાબ ખોટો આપેલ છે. અરજદારને મંજુર નથી.એ જાણશો. અરજદારે માંગેલ માહિતી યોગ્ય રીતે કયારે આપવાના છો કે નહીં એની માહિતી અમોને મર્યાદામાં સંપૂર્ણ વિગત સાથે આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બંને ઠરાવની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. આમ મુદ્દા નં.૨ ની માહિતી નકલ સહિતની આપેલ છે. અરજદારે માંગેલ માહિતી

આપવાને બદલે ગેરમાર્ગે દોરવામાં આવેલ છે અને કલમ–૨(છ) મુજબ માહિતીની વ્યાખ્યામાં આવતી નથી તેવું જણાવી તા.૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રેથી કલમ–૨(છ) ની જોગવાઈઓનું વર્ણન જણાવવામાં આવેલ છે અને અધિકારીના પ્રત્યુત્તર સામેની નારાજગીના આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારને બંને ઠરાવોની નકલ જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. અને માહિતીની વ્યાખ્યામાં ન આવવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છતાં આ અગાઉ અરજદારની સરખા વિષય વસ્તુ બાબતે કરેલી અરજી બાબત સદર ઝુંપડપટ્ટીમાં કેટલા ઝુંપડા બાયોમેટ્રીક સર્વે વગરના છે તેનો રેકર્ડ અત્રે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને અપીલ નં.૨૪૫ માં ઈન્સ્પેકશન કરી જવા પણ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાનો પ્રયાસ કરેલ છે.

આમ અરજદારે તેમની આઈ ડી નં.૩૦૫,૩૦૬,૩૦૮ અને ૩૧૦ તા.૧૩–૭–૧૧ ની અરજીથી અરજદારને જાહેર માહિતી અધિકારીએ અરજદારની તા.૨–૬–૧૧ ની માહિતી માંગતી અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૧૮૦ તા.૨૦–૬–૧૧ થી આપેલી માહિતી બાબતે માહિતીની નારાજગી બાબત અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તેવી જોગવાઈ હોવા છતાં અરજદાર બીપીએલ કાર્ડ ધારક હોઈ તેની સામેલ અપીલ કરવાની જગ્યાએ પુનઃ તા.૧૩–૭–૧૧ થી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. અને તે અંગે જાહેર માહિતી અધિકારીએ તે અંગેની જોગવાઈની તેમની પુનઃ અરજી બાબતે જણાવેલ. વધુમાં અરજદારે પુનઃ અરજી અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી સામે અપીલ અરજીઓ કરેલ છે. જે તે અપીલો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૦૫ થી ૩૧૧ તા.૧૬–૮–૧૧ થી પૂર્તતા કરેલ છે વધુમાં અરજદારે તા.૨૦–૬–૧૧ ની આપેલી માહિતીની નારાજગીનો પુનઃ કરેલી મુળ અરજીમાં ઉલ્લેખ કરેલ છે અને દરેક પુનઃ મુળ અરજી સામે અપીલનું કારણ અલગ જણાવેલ છે. આમ અરજદાર પોતાની અપીલ બાબતે પણ સ્પષ્ટ નથી. વધુમાં તમામ અપીલો સામે અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં કોઈ પૂરક વિગતો જણાવેલ નથી. અરજદારને તા.૨૦–૬–૧૧ ના પત્રમાં ઝુંપડા બાયોમેટ્રીક સર્વે વગરના છે તેનો રેકર્ડ ઉપલબ્ધ નથી.જયારે બાકીના બે ઠરાવની નકલો પૂરી પાડેલ છે. જેમાં અરજદારની કઈ નારાજગી છે તે અંગે પુનઃ અરજીઓમાં કોઈ રજૂઆત થયેલ નથી. તેમ છતાં અરજદારની તા.૨૦–૬–૧૧ ના આપેલ જવાબ અને પુનઃ અરજી અને તેની સામે કરેલ અપીલને ધ્યાને લેતાં અપીલ નં.૨૪૭ થી ૨૪૯ માં માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જયારે અપીલ નં.૨૪૬ માં અરજી સંદર્ભે અરજદારને અગાઉ તા.૧–૮–૧૧ ની અરજી બાબતે પત્ર નં.૩૫૦ તા.૧૯–૮–૧૧ થી મુદ્દા નં.૨ માં તેનો ઉલ્લેખ કરેલ છે. તેમજ અરજદારે અપીલમાં બોર્ડ તોડી પાડવાના તકરાર બાબતની હોઈ જાહેર માહિતી અધિકારીએ કલમ–૨(છ) તેનો સામવેશ થતો ન હોઈ અરજદારની રજૂઆત તકરાર નિવારણને લગતી હોઈ જે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે છે. જયારે અપીલના મુદ્દા નં.૨૪૫ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તપાસણી પૂરી પાડવાની તૈયારી દર્શાવતો પ્રસ્તાવ કરેલ છે પરંતુ અરજદારે તે અંગે અપીલમાં કોઈ પ્રકાશ પાડેલ ન હોઈ અરજદાર પ્રસ્તાવ અનુસાર તપાસણી કરી તેમના તા.૨૦–૬–૧૧ ના અપાયેલા જવાબ ખોટા અને અધૂરાની ખરાઈ કરી શકે છે તેમજ તા.૧૩–૭–૧૧ ની અરજી બાબતે તપાસણીમાં યોગ્ય લાગે તે ખપ પૂરતી નકલો પણ મેળવી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૩–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જે તે અરજી સામે પૂરી પાડવામાં કે જણાવવામાં આવેલ છે. જેમાં અપીલ નં.૨૪૭ થી ૨૪૯ ની માહિતી પૂરી પડાયેલ છે. જયારે અપીલ નં.૨૪૫ માં તપાસણી કરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીએ કરેલા પ્રસ્તાવ અનુસાર અરજદાર જાહેર માહિતી અધિકારીને ઓફિસ કામકાજ દરમ્યાન દિન–૭ માં આગોતરો સમય મેળવી તપાસણી કરી તા.૨૦–૬–૧૧ ના આપેલ ખોટા અને અધૂરા જવાબની ખરાઈ કરી શકે છે અને ખપ પૂરતી નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૫) ની જોગવાઈ હેઠળ મેળવવા સ્વતંત્ર છે. તેમજ અપીલ નં.૨૪૬ માં બોર્ડ તોડી પાડવાની રજૂઆત–જો બોર્ડનું અસ્તિત્વ અગાઉ હતુ તેવું અરજદાર પ્રસ્થાપિત કરી શકે તો વિવાદ ઉત્પન્ન થાય પરંતુ અપીલ તબકકે અરજદારને પર્યાપ્ત તક આપવા છતાં તેવું પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ રહેલ ન હોઈ હાલના તબકકે તે અપીલ અંગે કોઈ નિર્ણય લેવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. અત્રે એ પણ સૂચક છે કે ૨૪૫ ની તપાસણીમાં આ બાબત પણ સમાવિષ્ટ થઈ જાય તેથી અરજદાર તેની પણ દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ